## અગત્યની જાહેરાત
## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
## જા. ક્ર: ૧૪૨/૨૦૧૭૧૮ અને જા.ક્ર: ૧૪૩/૨૦૧૭૧૮

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા યોજાનાર નીચે મુજબ પરીક્ષાઓ માટે, ઉમેદવારોએ, પોતાનો ઓનલાઇન પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર તથા ઉમેદવારો માટેની સુચનાઓ) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | પરીક્ષાનું નામ / સંવર્ગ | પરીક્ષાની તારીખ / વાર/ સમય. | કોલ લેટર ડાઉનલોડ કરવાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | જા.ક્ર: ૧૪૩/ ૨૦૧૭૧૮ | "કચેરી અધિક્ષક /કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" | ૨૯/૧૨/૨૦૧૯, રવિવાર ૧૧:૦૦ થી ૧૩:૦૦ કલાક | તા.૧૬/૧૨/૨૦૧૯ના રોજ ૧૪.૦૦ કલાક થી તા.૨૯/૧૨/૨૦૧૯ના રોજ ૧૧:૦૦ કલાક સુધી |
| ૨ | જા.ક્ર: ૧૪૨/ ૨૦૧૭૧૮ | "કાર્યાલય અધિક્ષક" | ૨૯/૧૨/૨૦૧૯, રવિવાર ૧૫:૦૦ થી ૧૭:૦૦ કલાક | તા.૧૬/૧૨/૨૦૧૯ના રોજ ૧૪.૦૦ કલાક થી તા.૨૯/૧૨/૨૦૧૯ના રોજ ૧૫:૦૦ કલાક સુધી |

ઉમેદવારો માટેની સૂચનાઓ માટે અહીં ક્લીક કરો.

પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર) "On Line" મેળવવા માટે (ડાઉનલોડ કરવા માટે) ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં,સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જવું.

હવે "Call Letter" પર Click કરવું. ત્યારબાદ Select job પર Click કરી જાહેરાત નંબર: ૧૪૨/૨૦૧૭૧૮ અને/અથવા જાહેરાત નંબર: ૧૪૩/૨૦૧૭૧૮ Select કરીને "Confirmation Number" તથા "Birth date" ટાઇપ કરીને ok પર click કરવાથી અલગ Window માં આપના Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જ્યારે ઉમેદવારો માટેની સૂચનાઓની પ્રીન્ટ ડાઉનલોડ કરવી ફરજીયાત છે.

નોંધ : (૧) Ojas વેબસાઇટ પરથી Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ કરતાં પહેલાં કોમ્પ્યુટર સાથે જોડેલ પ્રિન્ટરમાં A4 સાઇઝનું setup ગોઠવવું જરૂરી છે.

(૨) ઉમેદવારે જે તે સમયે ઓન લાઇન અરજી Confirm કર્યા બાદ મળેલ Confirmation Number અને અરજીમાં દર્શાવેલ Birth Date જ પ્રવેશપત્ર મેળવવા માટે વેબસાઇટમાં ટાઇપ કરવાની રહેશે. તો જ પ્રવેશપત્ર-હાજરીપત્રક ડાઉનલોડ થશે. જેની જવાબદારી ઉમેદવારની છે.

(3) જા. ક્ર: ૧૪૨/૨૦૧૭૧૮ "કાર્યાલય અધિક્ષક" અને જા.ક્ર: ૧૪૩/૨૦૧૭૧૮ "કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત અન્વયે કોલ લેટર ડાઉનલોડ સંબંધી પૂછપરછ અંગે મંડળના કંટ્રોલ રૂમના ફોન નંબર : ૦૭૯ ૨૩૨ ૫૭૩૦૪ / ૫૩૬૨૭ ઉપર કચેરી સમય (૧૦:૩૦ થી ૬:૧૦ સુધી) દરમ્યાન (જાહેર રજા સિવાય) સંપર્ક સાધવા ઉમેદવારોએ નોંધ લેવી. લેખિત પરીક્ષા સમયે, કોલ લેટર-હાજરીપત્રકની પ્રિન્ટ રજૂ કરવી ફરજીયાત છે.

(૪) ઉમેદવારોએ અરજી કન્ફર્મ કરી હોય અને ફી ભરપાઇ કરેલ હોય પંરતુ કોલ-લેટર ડાઉનલોડ ન થતો હોય તેવા ઉમેદજવારોએ મંડળની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી રૂબરૂ સંપંર્ક કરવો.

(૫) પ્રવેશપત્ર-હાજરીપત્રક (કોલ લેટર) ગુજરાતી ભાષામાં જ હશે અન્ય કોઇ ભાષામાં ટ્રાન્સલેટ કરાવેલ હશે તો માન્ય રાખવામાં આવશે નહિ.

મંડળની તા.૧૭/૧૦/૨૦૧૭ની ઉક્ત જાહેરાતોમાં દર્શાવેલ અન્ય તમામ બાબતો યથાવત રહે છે.

તારીખ : ૧૩/૧૨/૨૦૧૯ સચિવ

સ્થળ : ગાંધીનગર

- : ઉમેદવાર માટેની સૂચનાઓ :-

(આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)

1) આ પરીક્ષામાં આપનો પ્રવેશ મંડળની જાહેર ખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ઓન-લાઇન ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળની બાંહેધરીના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે.
2) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત પરિપૂર્ણ કરતા ન હો તો આ સુચના અન્વયે, આપને આ પરીક્ષામાં નહીં બેસવા માટે સલાહ આપવામાં આવે છે.
3) નિર્ધારીત પરીક્ષા સમય કરતા એક કલાક પહેલાં આપે આપની બેઠક પર હાજર થવાનું રહેશે.
4) પ્રશ્ન પુસ્તિકામાં કુલ-૧૫૦ પ્રશ્નો અને સમય ૨(બે) કલાકનો રહેશે. દરેક પ્રશ્ન ૧(એક) ગુણનો રહેશે. આ કસોટીમાં વિગતવાર જાહેરાતમાં જણાવેલ અભ્યાસક્રમ અને ગુણભાર મુજબના પ્રશ્નો પૂછવામાં આવશે.
5) ઉમેદવાર પરીક્ષાખંડમાં પ્રવેશપત્ર અને ઓળખના પુરાવા સિવાય કોઇપણ ચીજ સાથે રાખી શકશે નહીં. ઉમેદવારે કોઇપણ પુસ્તક, કાગળ, સાહિત્ય તથા પેજર, મોબાઇલ, (સ્વીચ્ઙ ઓફ કે સાયલેન્ટ મોડ કરેલો હશે તો પણ) કેલક્યુલેટર જેવા કોઇ પણ વિજાણું સાધનો રાખવા નહી. આવી વસ્તુ(ઓ) આપની પાસેથી મળી આવશે તો, આપ ગેરલાયક ઠરશો, ઉપરાંત, આવી વસ્તુ(ઓ) જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાંને પાત્ર પણ ઠરશો.
6) ઉમેદવારે રફકામ પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમ જ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.
7) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ કોલલેટર-કમ-હાજરીપત્રક ઉપર પોતાનો ફોટો ચોંટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા, આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલો હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.
8) પરીક્ષામાં હાજરી આપતી વખતે, આપે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે સ્કૂલ કોલેજનું ફોટાવાળુ ઓળખપત્ર, પૈકીનો ઓછામાં ઓછો કોઇપણ એક પુરાવો સાથે રાખવાનો રહેશે અને ઇન્વીજીલેટર (વર્ગ નિરીક્ષક) માંગે ત્યારે તે બતાવવાનો રહેશે.
9) OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા OMR ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકા પરની તે અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચવી.પછી જ જવાબો લખવા.

10) OMR ઉત્તરપત્રમાં લખવા માટે ભુરી (બ્લુ) અથવા કાળી (બ્લેક) બોલ પોઇન્ટ પેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ બિલકુલ કરવાનો નથી. વ્હાઇટ ઇન્ક, ઇરેઝર કે બ્લેડનો પણ ઉપયોગ કરવાનો નથી.

11) OMR ઉત્તરપત્રમાં ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા નંબર આંકડામાં તથા પ્રશ્નપુસ્તિકા સિરીઝ અંગ્રેજી અક્ષરમાં અને OMR પધ્ધતિમાં સૂચવ્યા મુજબ અચૂક દર્શાવવાનો રહેશે. આ સિવાય અન્ય કોઇ લખાણ કે ઓળખ ચિહ્ન કરવા નહિં. અન્યથા ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહી જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

12) OMR ઉત્તરપત્ર ઉપર ઉમેદવારે નિયત જગ્યાએ પોતાની સહી કરવાની રહેશે તેમજ OMR ઉત્તરપત્ર ઉપર ઇન્વીજીલેટર (વર્ગનિરીક્ષક) ની સહી કરવામાં આવે તે જોવાનું રહેશે. ઉમેદવારની સહીના અભાવે OMR ઉત્તરપત્રની ચકાસણી કરવામાં આવશે નહીં અને તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેની અચૂક નોંધ લેવી.

13) આ પરીક્ષાનું ઉત્તરપત્ર OMR (ઓપ્ટીકલ માર્ક રીડીંગ) પધ્ધતિનું રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક તથા પ્રશ્નના જવાબ સામે ◯ માં બ્લ્યુ અથવા બ્લેક બોલપોઇન્ટ પેનથી સંપૂર્ણ ● આ પ્રમાણે ઘૂંટીને દર્શાવવાનો રહેશે.

14) OMR ઉત્તરપત્રમાં ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન પ્રશ્નપુસ્તિકામાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ (માઇનસ પધ્ધતિથી) કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, કે એક કરતાં વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ માઇનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને OMR ઉત્તરપત્રમાં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના માઇનસ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિં.

15) ઉમેદવાર નકલ કરતા ગેરરીતી / ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલાં સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

16) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી તથા આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય, ત્યાં સુધી, પરીક્ષાખંડ છોડી શકાશે નહી.

17) ઉમેદવારે (૧) હાજરીપત્રકનું અડધિયું, તેમજ (૨) પરીક્ષા પૂર્ણ થયેથી OMR ઉત્તરપત્ર પરીક્ષા ખંડના ઇન્વીજીલેટરશ્રીને (વર્ગ નિરીક્ષકશ્રીને) પરત સોંપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમાં ચૂક કરનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવવા ઉપરાંત ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત તેમની સામે ફોજદારી પગલાં સહીતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ તેમજ પ્રશ્નપુસ્તિકા પોતાની પાસે રાખી શકશે.

18) દ્રષ્ટિની ખામીવાળા અને હાથની વિકલાંગતાના કારણે હાથથી લખવા સક્ષમ ન હોય તેવા PH ઉમેદવારો કે જેઓને લહીયાની સુવિધા જરૂરી હોય તેવા ઉમેદવારોએ જે તે પરીક્ષા કેન્દ્રના સંચાલકશ્રીનો અગાઉથી જરૂરી આધાર પુરાવા (સીવીલ સર્જનના સર્ટિફિકેટ) સાથે રૂબરૂ સંપર્ક કરીને પરીક્ષા શરૂ થતાં પહેલાં લહીયો સાથે રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે. મંજુરી વગર લહિયાની સુવિધા આપી શકાશે નહીં.

19) લેખિત પરીક્ષા પૂરી થયા બાદ, આશરે દિન-૨ માં પ્રોવીઝનલ આન્સર કી, મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. પ્રોવીઝનલ આન્સર કી સામેના વાંધા, આન્સર કી પ્રસિધ્ધ થયાના એક અઠવાડીયાની અંદર જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવામાં આવશે તો, તે વિચારણામાં લેવામાં આવશે અને બાદમાં ફાઇનલ આન્સર કી મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેના

આધારે પરિણામ તૈયાર કરવામાં આવશે પરંતુ ઉમેદવારની ભાગ-2 ની પરીક્ષા માટે પસંદગી જે તે કેટેગરી ના મેરીટ ના ધોરણે કરવામાં આવશે.

20) આ પરીક્ષા માં મંડળ દ્વારા ઠરાવાયેલ લાયકી ગુણ (લઘુત્તમ લાયકી ગુણ ૪૦ ટકા) તમામ કેટેગરીના ઉમેદવારો માટે રહેશે.

21) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ, પરિણામ કે રીચેકીંગની અરજી કે પરીક્ષા સંબંધિત અન્ય કોઇપણ બાબતની માહિતી મેળવવા માટેની કોઇ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં.

તારીખ : ૧૩/૧૨/૨૦૧૯ સચિવ

સ્થળ : ગાંધીનગર